**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૯ ટકા

# મીના બજારમાં નિયમોની નહીવત અસર

## આરોગ્ય વિભાગ જયાં બેઠા બેઠા લોકોને ભીડમાં ન જવા સહિતની અનેક સાવધાની રાખવા માર્ગદર્શન આપે છે તે જૂના સચિવાલય નજીકનું મીનાબજાર આખો દિવસ ધમધમે છે

ગાંધીનગર, તા.૨૦
કોરોના સામે કેવી રીતે લડવું અને કેવી સાવધાની રાખવી તેની સલાહો જયાંથી અપાય છે તે નવા અને જૂના સચિવાલયમાં કોરોનાનો કોઈ ભય દેખાતો નથી. આ કચેરીઓ નજીકના મીનાબજારમાં કયાંય ભીડ ઓછી થઈ નથી. આખો દિવસ અહીં ચા નાસ્તાની દુકાનો ધમધમે છે.

જુના સચિવાલયના ‘હાર્દ’ સમાન મીનાબજારમાં તમામ પ્રકારની દુકાનો આવેલી છે. ચા-નાસ્તા, કરિયાણું, બુટ-ચપ્પલ, કપડા, ઘડિયાળ, મોબાઈલ, એસેસરીઝ, ઈલેકટ્રીક સાધનો, આયુર્વેદિક દવાઓ, ડ્રાયફ્રુટસ, હેર સલુન, બુકસ્ટોલ, ઝેરોક્ષ તથા લેમિનેશન, સ્ટેશનરી, પાન-મસાલાના ગલ્લા તથા ખાણી પીણીના દુકાનો મીનાબજારમાં ધમધમી રહી છે. સાંજના સમયે ચાની કીટલી પર તો એટલી જ ભીડ જોવા મળે છે. મીના બજારની ચા પીધા વગર કોઈની સાંજ પડતી નથી.







કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતિ જોતા ગુજરાતમાં સાવચેતી અને તકેદારીના આગોતરા પગલાં સાથે સરકારે કેટલાંક અતિ મહત્વના નિર્ણયો લીધા છે જેમ કે ૧૬ માર્ચથી ૨૯ માર્ચ સુધી શાળા, કોલેજો તથા શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહેશે. રાજયના સિનેમા ઘરો, સ્વિમિંગ પુલ પણ બંધ રહેશે. ૨૦ માર્ચથી પવિત્ર યાત્રાધામ પણ બંધ રાખવા આદેશ આપ્યો છે. આમ, જયારે રાજયમાં તમામ જગ્યા પર સરકાર ભીડ ન થાય તે માટે આગોતરા પગલાં દ્વારા જનતાને સાવધાની રાખવા અનુરોધ કરી રહી છે ત્યારે ગાંધીનગરમાં આવેલ મીનાબજારમાં આની કોઈ અસર જોવા મળતી નથી. મીના બજારમાં પહેલાની જેમ જ નિયમિત ચા-પાણી તથા પાન-મસાલાના ગલ્લે ભીડ જામે છે. માસ્ક પહેરેલા માણસો બહુ જોવા મળતા નથી.

જો કે હાલમાં આરોગ્ય વિભાગ દ્વારા દરેક કચેરીના ગેટ પર સેનેટાઈઝર લઈને ગેટ કિપર બેસાડયા છે જેથી જે કોઈ પણ કર્મચારી કચેરીમાં આવે તેના હાથ સ્વચ્છ કરીને જ કચેરીમાં જાય છે. પણ આ કચેરીઓની નજીક આવેલા મીનાબજારમાં તો ખરીદી અને ચા-નાસ્તા માટે સવાર-સાંજ ભીડ જ હોય છે.

મીના બજારમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ મળતી હોવાથી લોકોની અવર-જવરમાં બહુ કંઈ ફરક પડયો નથી. સરકારે મીન બજાર બંધ કરવા કોઈ સુચના આપેલ નથી તેથી મીના બજારમાં કોરોનાની અસર નહિવત જોવા મળે છે.

સરકારે હજુ જાગૃત થઈ આવા ભીડભાડવાળા વિસ્તારોમાં અવરજવરને પ્રતિબંધિત કરવો જોઈએ. જરૂરિયાત વિના એકત્ર થતા લોકોને અટકાવવા જરુરી છે.

# કોરોના નાબુદ કરવા માટે નગરના માતા-બહેનો જાગૃત થાય : જયોતિ મહિલા મંડળ

## સંસ્થાના પ્રમુખ ચેતના બુચ જણાવે છે કે આવનાર ગમે તે રોગનો સામનો ઘરગથ્થુ ઉપચારથી કરી શકાશે : સંસ્થા દ્વારા માર્ચ સુધીમાં થનારા તમામ કાર્યક્રમ રદ્દ કરાયા

ગાંધીનગર, તા.૨૦
સમગ્ર વિશ્વમાં કોરોનાનો ભય વ્યાપી રહ્યો છે. નાના મોટા રોગ સામે રક્ષણ મેળવવાની દવા અને રસીઓ શોધાઈ ગઈ છે અને રોગ કયોર થઈ રહ્યા છે. ચીકનગુનિયા, ડેન્ગયુ અને ફલૂ બાદ હવે કોરોનાની રસી શોધાય તેની રાહ કાગડોળે જોવાઈ રહી છે. શહેરમાં કોરોનાને લીધે રસ્તાઓ સુમસામ જણાઈ રહ્યા છે. શહેરીજનો વધુ સમય ઘરમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા છે. આવ દરેક નાના-મોટા રોગ સામે રક્ષણ મેળવવા માટે સરકાર દ્વારા પગલા લેવાઈ રહ્યા છે. કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ અપાઈ રહ્યા છે. બાળકોને શાળા-કોલેજમાં રજા આપી દેવાઈ છે. શહેરમાં મોટા ભાગના વ્યવસાય હાલ બંધ છે. શાક, દૂધ, છાશ અને કિરાણાનું વેચાણ થઈ રહ્યું છે. આ દરેકની વચ્ચે કોરોનાનો ભય નગરજનોને સતાવી રહ્યો છે ત્યારે જયોતિ મહિલા મંડળ દ્વારા ‘માતા સંમેલન’ તેમજ ‘એક યુવતી એક વૃધ્ધ’ પ્રવાસને મોકુફ રાખી સમાજમાં મહિલાને ચાવીરૂપ ભૂમિકા બનવા બાબતે સંસ્થાના પ્રમુખ ચેતનાબેન બુચ દ્વારા નમ્ર અપીલ કરવામાં આવી છે. અને આ સાથે ભૂતકાળમાં થયેલા હાલ થઈ રહેલા અને ભવિષ્યમાં અન્ય ચેપી રોગને નાથવા માટે સમાજની-કુટુંબની માતા અને બહેનોને કેટલીક બાબતોનું સમર્થન કરવા જણાવાયું છે.

**રોગ પ્રતિકારક ક્વાથ : ૧ ચમચી ગળો પાવડર, અડધી ચમચી હળદર, અડધી ચમચી અજમો, અડધી ચમચી મરી પાવડર, અડધી જમચી જીરૂ પાવડર, ૧ ચમચી આખા સૂકા ધાણાનો અધકચરો પાવડર સાથે ૧૫ તુલસીના પાન નાંખી ૧ લિટર પાણીમાં ઉકાળી ૭૫૦ મિલિ પાણી રહે એટલે ચપટી સીંધાલુ નાંખી ગાળીને એક કપ પાણી કુટુંબના દરેક સભ્યએ નરણાં કોઠે પીવું ત્યારબાદ વધેલા કૂચામાં ૧ લિટર પાણી પુનઃ નાંખી રાત્રે પુનઃ ઉકાળી સૂતી વખતે પીવું. સતત ત્રણ દિવસ આ પ્રયોગ કરવો જોઈએ. જીરૂ અને આખા ધાણા ઠંડા હોવાથી અન્ય દ્રવ્યો ગરમ નહીં પડે.**

જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચના જણાવ્યા અનુસાર શહેરના દરેક ઘરમાં, સમાજ, કુટુબમાં માતાઓ-બહેનોએ તકેદારીના પગલા લેવા જોઈએ જેથી કોઈ પણ રોગ ઘરમાં પગ-પેસારો ન કરી શકે. જેના તકેદારીના પગલા રૂપે ૨ લવિંગ, ૨ કપૂરની ગોટી, ૧ એલચી, થોડો ગુગળ, ૧૫ કડવા લીમડાના સૂકા પાનનો સવાર સાંજ છાણામાં ધૂપ કરી ઘરમાં ફેરવી મુખ્ય ખંડમાં રાખવો. નાકમાં ઘી, દિવેલ કે તલના તેલની આંગળી વડે ત્રણ વાર લગાડવું, હળદર અને સાકરવાળુ દૂધ પીવું, ભીડમાં જવાથી, હાથથી સંપર્ક કરવાથી, દૂર રહી વાસી ખોરાક ખાવાથી તથા ઠંડી વસ્તુને આરોગવાનું બને ત્યાં સુધી ટાળવું, દરરોજ ૧૫ મિનિટ તડકે બેસવું, દરરોજ રાત્રે માફક આવે તેવો હળવો જુલાબ ગરમ પાણી સાથે લેવો, અનુકુળ આવે તો ૧ ચમચી ગીર ગાય અર્ક અડધા કપ પાણીમાં સવારે નરણાં કોઠે લેવો. ઉપરાંત ૨ કપૂરની ગોટી, ચપટી અજમો, ૩ લવિંગની પોટલી બનાવી ખિસ્સામાં રાખવી. જણાવવામાં આવેલ ઉપાયો કરવાથી અવશ્ય કોરોના સહિત અનેક રોગોથી બચી શકાય છે તેમ ડૉ. ચેતના બુચ દ્વારા જણાવાયું છે.



વાવોલ સંકલ્પ રેસીડન્સીના દરવાજા આગળ ગાય છેલ્લા પાંચ દિવસથી માંદી છે. આ ગાયની સારવાર સોસાયટીની બહેનો કરી રહી છે. વળી આ ગાયે એક બચ્ચાને જન્મ આપ્યો છે. માંદી ગાય અને વળી તેને વાછરડું આવતા સોસાયટીવાળાઓ મુશ્કેલીમાં મુકાયા છે.

## સેકટર-૨૨ વેપારી મંડળ જનતા કરફર્યુમાં જોડાશે

ગાંધીનગર, તા.૨૦
વૈશ્વિક મહામારી કોરોના વાઈરસનો સામનો કરવા તથા તેની સામે લડવા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આગામી તા. ૨૨મી માર્ચ રવિવારના રોજ જનતા કરફર્યુનું આહવાન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી આ અપીલને પગલે ગાંધીનગરના સેકટર-૨૨ના વેપારી મંડળે દરેક વેપારીને જનતા કરફર્યુમાં જોડાવા તથા સરકારના કોરોના સામેના અભિયાનમાં સહયોગી બનવા અનુરોધ કરવામાં આવ્યો છે. વેપારી મંડળના પ્રમુખ કાલીદાસ પટેલે અખબારી યાદીમાં જણાવ્યું છે કે વૈશ્વિક મહામારી કોરોના વાઈરસનો સામનો કરવા સંકલ્પ અને સંયમ ખુબ જરુરી છે. વડાપ્રધાન દ્વારા દેશહિતમાં કરવામાં આવલી અપીલને દરેક વેપારીએ માન આપીને જનતા કરફર્યુનું પાલન કરી કોરોના વાઈરસથી બચવા તથા અન્યોને પણ બચાવવા સહિયારો પ્રયાસ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા નગરજનોને પક્ષી પરબ અભિયાનમાં જોડાવવા અપીલ

ગાંધીનગર, તા.૨૦
આજે જયારે માણસ માણસને પાણી આપવામાં ખચકાટ અનુભવે છે ત્યારે પક્ષીઓનું શું થાય? નગરના પક્ષીઓનો વિનામૂલ્યે વર્ષોથી પાણીની પરબની સેવા પુરી પાડતી સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા નગરજનોને આ સેવા કાર્યમાં જોડાવવા જણાવાયું છે.

આ કાર્યમાં ભાગ લેવા અરૂણ બુચ-પ્લોટ નં. ૨૨૦-સે-૨૦, શશીકાંત મોઢા-૨૪૮-સે-૪-એ, આર.એચ. ધામેચા-૧૧૨૦ સે-૪-એ, નિલેન્દુ વોરા-૪૪૫-સે-૫-એ, નિસર્ગ બુચ-મયુર એપાર્ટમેન્ટ સે-૨૮, કિશોરભાઈ જીકાદરા સર્વોદયનગર ૧૯૨, સે-૩૦, કિશોરભાઈ જીકાદરા સર્વોદય નગર-૧૯૨,સે-૩૦, ગુડા વિસ્તાર માટે પ્રદિપ સોલંકી-બી-૨૦૨ જય યોગેશ્વર કોમ્પ્લેક્ષ, કુડાસણ પાટીયાનો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાર્યુ છે. આ સેવા કાર્ય સંદર્ભે તા. ૨૫માર્ચના રોજ સવારે ૧૦ થી ૧૧ દરમિયાન પંચદેવ મંદિરની બહારથી વહેલા તે પહેલાના ધોરણે પક્ષી પરબ મેળવી શકાશે.



જિલ્લાની મસ્જિદોમાં ‘કોરોના’થી બચાવ માટે દુઆ માંગવામાં આવી

કોરોના વાઈરસથી સૌ કોઈ ચિંતિત છે. ગાંધીનગર જિલ્લાની તમામ મસ્જિદોમાં શુક્રવાર જુમ્માની નમાજ બાદ શ્રધ્ધાળુઓને કોરોના વાઈરસ સંક્રમણથી બચવા રાખવાની સાવચેતી અંગે ભીડ ભેગી નહી કરવા સહિતની માહિતી આપવામાં આવી હતી તેવું બયતુલમાલ ગાંધીનગરના પ્રમુખ યુનુસ પરમારે અખબારી યાદીમાં જણાવ્યું હતું. આ સાથે શહેરના સેકટર-૨૧ ખાતેની જુમ્મા મસ્જિદ, સેકટર-૨૯ ખાતેની મદીના મસ્જિદ તથા પેથાપુરની બંને સકિના મસ્જિદ તેમજ જુમ્મા મસ્જિદમાં ભારતમાં કોરોનાથી પ્રભાવિત દર્દીઓના સ્વાસ્થ્ય માટે દુઆ માંગવામાં આવી હતી. આ સાથે સમગ્ર રાષ્ટ્ર વાયરસ સંક્રમણથી બચી જાય તે માટે પણ દુઆ માંગવામાં આવી હતી.

## લીંબડીયા-કરાઈ ગામમાં ઠંડા-પીણા અને ચીજવસ્તુઓ પર પ્રતિબંધ

### ગામના નાના-મોટા દુકાનદાર તેમજ ગલ્લાધારકોને સરપંચે નોટીસ પાઠવી જાણ કરી

ગાંધીનગર, તા.૨૦
લીંબડીયા-કરાઈ ગામમાં આવેલા તમામ નાના-મોટા દુકાનદારો તેમજ ગલ્લા ધારકોને ગામના સરપંચ દ્વારા નોટીસ પાઠવી જણાવાયું છે કે ગામમાં સમાવેશ ગલ્લા કે દુકાનોમાં ઠંડાપીણા, આઈસ્ક્રીમ, તેમજ રૂ.૧ અને ૨ માં મળતી બાળકોની પેપ્સી સહિત દરેક પ્રકારના ઠંડા પીણાનું વેચાણ બંધ કરી દેવામાં આવે. જયાં સુધી કોરોના વાઈરસ નિયંત્રણ હેઠળ ન આવે અને ફરીથી નોટીસ પાઠવી જાણ કરવામાં ન આવે ત્યાં સુધી ગામમાં ઠંડી ચીજવસ્તુઓનું વેચાણ સદંતર બંધ કરી દેવુ તેમજ જાહેરમાં કોઈ વ્યકિતએ થુંકવુ નહી. આ સુચનાનું પાલન ન કરનારને ગ્રામ પંચાયત દ્વારા પોલીસ ફરીયાદ કરવામાં આવશે તેમજ ગ્રામ પંચાયત દ્વારા રૂ. ૫૦૦ કાયદાકીય રીતે દંડ વસુલવામાં આવશે. ગ્રામસભામાં જે અન્ય દંડનીય કાર્યવાહી નક્કી કરવામાં આવે તે પણ ગ્રામસભામાં વસુલવામાં આવશે. જયારે વધુમાં જણાવવામાં આવે છે કે તા.૨૨ માર્ચના રોજ જનતા કર્ફયુ હોવાથી દરેક નાગરીકે પોતાની ફરજ સમજી પાલન કરવાનું રહેશે.

## ૩૧ માર્ચ સુધી સે-૨૧ હવેલી મંદિરના દર્શન બંધ રહેશે

ગાંધીનગર, તા.૨૦
ગુજરાત સરકારના માર્ગદર્શન અનુસાર કોરોના વાઈરસની મહામારી નાથવી હવે અનિવાર્ય બની રહી છે ત્યારે હાલના સમય સંજોગોને અનુલક્ષીને તા. ૨૧ માર્ચથી ૩૧ માર્ચ સુધી સે-૨૧ સ્થિત હવેલી મંદિરના દર્શન બંધ રાખવામાં આવ્યા છે. જેની નોંધ લેવા સંસ્થાના માનદમંત્રી આર.જે. ગાંધી દ્વારા જણાવાયું છે.

## ૨૪મી માર્ચના અમાસના કાર્યક્રમ વિશ્વકર્મા મંદિરમાં મુલત્વી

ગાંધીનગર, તા.૨૦
પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને વિશ્વકર્મા સેવા સમાજ સેકટર-૧૨ દ્વારા યોજિત તા. ૨૪મી માર્ચના રોજ અમાસની કથા અને ખિચડી-પ્રસાદનું આયોજન મુલત્વી રાખેલ છે.

વિશેષમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રવિવારે જનતા કર્ફ્યુ રાખવાની અપીલને સર્વ જનતાને પાલન કરવા વિશ્વકર્મા સેવા સમાજના પ્રમુખ બિપીનભાઈ સી. ગજ્જરે જણાવેલ છે.

# ઘરગથ્થું ઉપચારો-યોગ-પ્રાણાયામ થકી રોગ પ્રતિકારકશક્તિ વધારો અને કોરોનાને ભગાવો

ગાંધીનગર, તા. ૨૦
કોરોનાનો કહેર ગુજરાત સુધી પહોંચ્યો છે અને રાજ્યમાં પાંચ કેસ પોઝિટીવ આવતા સમગ્ર તંત્ર સાવધ બની ગયું છે તો બીજી તરફ નાગરિકોમાં પણ હવે ડરનો માહોલ છવાવા લાગ્યો છે. આ સાથે દેશના વડાપ્રધાન દ્વારા જનતા કરફયુની અપીલ કરવામાં આવી છે. ગાંધીનગરમાં વેપારી સંગઠનો દ્વારા જનતા કરફયુમાં જોડાવાનો નિર્ધાર જાહેર કરવામાં આવ્યો છે. કોરોના સામે લડવા અનેકવિધ પગલાં લેવાની આવશ્યકતા છે અને પારંપરિક ભારતીય સંસ્કૃતિમાં આ પ્રકારની સ્થિતિ સમયે શું કરવું જોઈએ તે અંગે જે ઉપયોગી બાબતો છે તે જાણવાના પ્રયાસરૂપે રાજ્યના ઔષધિય વનસ્પતિ બોર્ડના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર ડૉ. જગદીશપ્રસાદ અને રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલસિંહ યાદવને મળીને તેમના અભિપ્રાય મેળવવામાં આવ્યાં હતા.

●●●

“કોરોના હોય કે અન્ય કોઇપણ વાઈરસ હોય તે જેની શારિરિક રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોય તેમને વધુ અસર કરે છે, આથી કોરોનાનો ચેપ લાગે તે પહેલાં નાગરિકોએ તેમની રોગપ્રતિકારક શક્તિને વધુ મજબુત કરવા પર ધ્યાન આપવું જોઈએ. આ માટે નાગરિકો પોતાના ઘરનાં આંગણામાં રહેલ તુલસીના રસનું સેવન કરે, જેમાંથી વિટામીન-સી ભરપૂર મળે તેવા ફળો જેવા કે આંમળા, લીંબુ, સંતરા વગેરેકે સહિતના



ફળો તેમજ લીલી હળદળ-આંબા હળદરનું સેવન કરી શકે છે. આ ઉપરાંત ગળો રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં ખૂબ જ અસરકારક છે. આ સાથે કુંવારપાઠાનો રસ અથવા આપણા ઘરના રસોડામાં જ રહેલી હળદળ, મરી વગેરે ઉપયોગી સાબિત થઈ શકે છે. જો કે દરેક વસ્તુ યોગ્ય માત્રામાં જ લેવી જરૂરી છે. વધુ પડતું સેવન પણ નુકસાનકારક બની શકે છે. આ સાથે સુદર્શન ચૂર્ણ કે સુદર્શન ધનવટી તાવ-શરદી સહિતના વાઈરલ ઈન્ફેક્શન સામે સારૂ રક્ષણ પુરૂ પાડી શકે છે. આ માટે આયુર્વેદના સત્તાવાર રીતે નિષ્ણાંતની સલાહ લઈને આગળ વધવું વધુ સલાહભર્યું છે.”

**- ડૉ. જગદીશ પ્રસાદ, સીઈઓ, ગુજરાત રાજ્ય ઔષધિય વનસ્પતિ બોર્ડ**

●●●

“અત્યારે કોરોના વાઈરસના સંક્રમણ સમયે મેડીકલ સાયન્સમાં જેની કોઈ દવા નથી તેથી હવે તેનાથી બચાવ માટે સૌ કોઈની નજર “યોગ” તરફ મંડાઈ છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ગુજરાત રાજ્યમાં પાંચ હજાર યોગ કેન્દ્રો ચલાવાય છે. નાગરિકો તેમાં જોડાઈને યોગ દ્વારા પોતાના શરીરની રોગ પ્રતિકારક શક્તિને વધારી શકે છે. કેમકે આ વાઈરસ સામે લડવા રોગપ્રતિકારક શક્તિ જ વધુ હોવી ખૂબ જરૂરી છે. યોગમાં ખાસ કરીને “ભ્રસ્રિકા પ્રાણાયામ” ખૂબ ઉપયોગી સાબિત થશે તેના થકી તમારા ફેફસાં વધુ મજબૂત બનશે. જેમને ડાયાબીટીસ, હૃદય



સંબંધી બિમારી કે રોગ પ્રતિકારક શક્તિ ઓછી છે તેમને માટે આ યોગ ખુબ લાભદાયક બને છે. ભ્રસ્રિકા પ્રાણાયામ દરરોજ પાંચ મિનિટ કરવા જોઈએ. આ સાથે કપાલભાંતિ જેમાં શ્વાસને છોડવાની ક્રિયા હોય છે તે અને અનુલોમ-વિલોમ પાંચથી પંદર મિનિટ સુધી દરરોજ કરવા જોઈએ. તેનાથી ભરપૂર ઓક્સિજન સાથે શક્તિનો સંચાર થશે. જે વ્યક્તિ કમજોર હશે તેને બિમારી લાગશે. જેના ફેફસાં, લીવર, મગજ વગેરે અંગો મજબૂત હશે તો શરીરમાં કોરોના વાઈરસ કદાચ આવી જશે તો પણ તમે નહી કોરોના વાઈરસ મરશે. તેથી સૌને યોગ-પ્રાણાયામને અપનાવવા અપીલ કરૂ છું.”

**- શીશપાલસિંહ યાદવ, ચેરમેન, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ**

## ચિરવિદાય

- સ્વ. માણેકબેન સેંધાજી ઠાકોર, ઉ.વ. ૮૦
- સ્વ. સહાની રાહુલ બચ્ચન, ઉ.વ. ૨૩